જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૩/૨૦૧૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૫૧૭/૧૫

સરખેજ પો.સ્ટે. માં દાખલ થયેલ બળાત્કારના ગુન્હાનો વોન્ટેડ આરોપી પકડાયો.

ગંભીર પ્રકારના ગુનાઓમાં વોન્ટેડ રહેલ આરોપીઓને પકડવા સારુ આપેલ સુચના આધારે તા.૧૪/૩/૨૦૧૫ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એસ.ગેડમ નાઓની ટીમના પો.સ.ઈ.શ્રી બી.એચ.કોરોટ તથા સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન ચોક્કસ બાતમી હકીક્ત આધારે "સરખેજ પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૨૭/૨૦૧૫ ઈ.પી.કો.કલમ ૩૭૬,૫૦૬, તથા પોક્સો એકટ કલમ ૪,૮ મુજબના કામનો વોન્ટેડ આરોપી અજીતભાઈ ઉર્ફે અજ્યો સ/ઓ ચંદુભાઈ ધીરૂભાઈ ચુનારા (દાંતણીયા) ઉ.વ.૨૦ રહે.સનાથળ ટોલનાકા પાસે બજાણીયાવાસ એસ.પી.રીંગ રોડ સરખેજ અમદાવાદ શહેર નાનો વાસણા એ.પી.એમ.સી. માર્કેટ ના ગેટ સામેથી મળી આવતાં આજરોજ તા.૧૪/૩/૨૦૧૫ ના કલાક ૧૩/૦૦ વાગે સી.આર.પી.સી. ૪૧(૧)એ મુજબ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

જે પકડાયેલ ઈસમ અજીતભાઈ ઉર્ફે અજ્યો સ/ઓ ચંદુભાઈ ધીરૂભાઈ ચુનારા નાને પુછપરછ કરતાં પોતે સનાથળ ટોલનાકા પાસે બજાણીયાવાસ પાસે રહેતો હોય જેમની બાજુમાં તેમના સમાજની એક સગીર વયની (ઉ.વ.૧૬) ની છોકરી તેના માતા-પિતા સાથે રહેતી હોય અને તેના માતા-પિતા જે છુટકમાં ડુંગળી,બટાકાની ફેરી કરતા હોય જેથી ગઈ તા.૧૦/૨/૨૦૧૫ ના રોજ સદર સગીરના માતા-પિતા જેઓ ડુંગળી બટાકાની ફેરી માટે બહાર ગયેલ હતા અને સગીર પોતાના ઘરે એકલી હતી ત્યારે સવારના અગિયારેક વાગે તેણી કુદરતી હાજતે જવા સારુ બાજુમાં આવેલ ઝાડીમાં ગયેલ ત્યારે હાલના આરોપી તેણીને જોઈ જતાં તેની પાછળ ગયેલ અને એકલતાનો લાભ લઈ તેણીનુ મોં હાથ રૂમાલ થી બંધ કરી તેની મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધેલ અને આ વાતની જો કોઈને જાણ કરીશ તો તને તથા તારા બાપને જાનથી મારી નાખીશ તેવી ધમકી આરોપીએ આપેલ હોવા અંગેની ફરીયાદ સરખેજ પો.સ્ટે. ખાતે દાખલ થયેલ.જે આરોપીને સરખેજ પોલીસ સ્ટેશન ખાતે સોપવા સારુ જાણ કરવામાં આવેલ છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.